હવાલા: એક આંતરરાષ્ટ્રીય સમાંતર બૅન્કિંગ કાર્યપદ્ધતિ

FIRST GUJARATI BUSINESS MAGAZINE

# મની ટાઈમ્સ


વ્યાપાર અને રોકાણનું પાક્ષિક

વર્ષ: ૧ અંક: ૨૨ ૩૧ ઓક્ટોબર ૧૯૯૩ ટાઇમ કમ્યુનિકેશનનું પ્રકાશન રૂપિયા ૧૫


દશેરાથી દિવાળી સુધી

## આકર્ષક ગિફ્ટનો આકર્ષક બિઝનેસ



પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ

'ફેવીકોલ કા મજબૂત જોડ'




પટેલ રોડવેઝ સફળતાની સડસડાટ સફર





# પટેલ રોડવેઝ:

# સફળતાની સડસડાટ સફર

□ એ. કે. ગોસાઈ



ચૅરમેન: અસગર પટેલ

કાંગારુનો મોનોગ્રામ ધરાવતી અને "ટોપ કેરિયર ફોર ટોપ કંપનીઝ"ની શાખ ધરાવતી પટેલ રોડવેઝ પ્રાઈવેટ લિમિટેડ કંપનીથી કોણ અજાણ હશે? છેલ્લાં ૩૪ વર્ષોથી સમયની રફતાર સાથે પટેલ રોડવેઝની શાખ પણ ઉત્તરોત્તર વધતી જ રહી છે. દેશમાં વાર્ષિક રૂા. ૧૧૦ કરોડનું ટર્નઑવર અને વિદેશમાં રૂા. ૩,૫૦૦ કરોડનું ટર્નઑવર ધરાવરનાર કંપનીનું શૂન્યમાંથી સર્જન કરનાર આવી જ એક વ્યક્તિ છે, પટેલ રોડવેઝના ચૅરમેન શ્રી અસગર પટેલ.

માત્ર સાત વર્ષની કુમળી ઉંમરે અસગર પટેલ વિદેશ ગયા હતા અને બ્રિટનની શ્રેષ્ઠ સ્કુલમાં એમણે પોતાનો અભ્યાસ પૂરો કર્યો. પણ આજના, વિદેશમાં ભણવા જતાં અને પછી ત્યાં જ સ્થાયી થઈ જતાં યુવાનોની જેમ તેમણે કદાચ કર્યું હોત તો આજે આપણને ટ્રાન્સપોર્ટ ક્ષેત્રમાં શ્રેષ્ઠ અને અવ્વલ દરજ્જો ધરાવતા પટેલ ટ્રાન્સપોર્ટની ભેટ મળી ન હોત. તેમણે ભારત પાછા ફરીને પોતાનું ગ્રેજ્યુએશન પૂરું કર્યું અને એના બાદ મૅનેજમેન્ટના જુદા જુદા પ્રૉફેશનલ કોર્સનો અભ્યાસ પણ પૂરો કર્યો હતો

૧૯૫૯માં તેમણે, માત્ર એક ટ્રક વડે પોતાના ટ્રાન્સપોર્ટના ધંધાની શરૂઆત કરી જેના પ્રથમ ઘરાક ગ્લેક્સો લેબોરેટરીઝ હતી. પણ એ એટલું સહેલું નહોતું. છતાં, મુંબઈથી દિલ્હી માલ પહોંચાડનાર ૨૦ વર્ષના અસગર પટેલ જેઓ પોતે જ ડ્રાઈવર હતાં અને પોતે જ ડિલિવરી બોય હતાં. તેનાથી બધા ખૂબ પ્રભાવિત થયા

લગભગ ૩૬ ટકાં વ્યાજે બીજાઓ પાસેથી રકમ ઉછીની લઈને તેમણે બિઝનેસની શરૂઆત કરી અને માત્ર ૩ વર્ષમાં ૧૯૬૨માં તેમણે કંપનીની સ્થાપના કરી. જેનું નામ હતું પટેલ રોડવેઝ. ધીમે ધીમે કંપનીની શાખા વધી અને ૧૯૬૨માં

### પટેલ રોડવેઝ

વાર્ષિક રૂા. ૩૦,૦૦૦ કરોડના ...ામાનની હેરફેર દ્વારા હજારો ...રાકોને સેવામાં સંતોષ આપવામાં ...ાવે છે. "રેલ ઓન - રેલ ઓફ" ...ામની નવી પદ્ધતિ દ્વારા રસ્તા અને ...રિયાઈ વાહન વ્યવહારનું જોડાણ ...રવાનું કાર્ય પૂરજોશમાં ચાલુ છે.



### વૉલ સ્ટ્રીટ ફાઈનાન્સ

લીઝિંગ, હાયર પરચેઝ, બિલ ડિસ્કાઉન્ટિંગ ક્ષેત્રે સફળતા મેળવ્યા બાદ વૉલ સ્ટ્રીટ હવે પોર્ટફોલિયો મૅનેજમેન્ટ, મ્યુચ્યુઅલ ફંડ અને ભારતમાં બૅંક સ્થાપવાની ખેવના રાખે છે.



કંપની પ્રાઈવેટ લિમિટેડ બની. આજે આ કંપની પોતાની ૧૫૦થી વધુ શાખાઓ અને ૧૧,૦૦૦ સ્ટેશન આખા ભારતમાં અને નેપાલમાં ધરાવે છે.વિવિધ પબ્લિક સેક્ટર, ખાનગી મલ્ટીનેશનલ કંપનીઓ, લઘુઉદ્યોગો અને ટ્રેડિંગના લગભગ ૧,૦૦૦થી વધુ ઘરાકો છે. દિવસની કોઈપણ ક્ષણે પટેલ રોડવેઝની લગભગ ૧,૦૦૦ ટ્રકો રોજના ૫૦,૦૦૦ કિલોસામાન સાથે રસ્તા પર વાર્ષિક ૫,૦૦૦ કરોડથી પણ વધુનો માલ લઈને દોડતી હોય છે. આજે આ કંપની મોટામાં મોટી ટ્રાન્સપોર્ટેશન ધરાવતી કંપની છે.

૧૯૭૦ના મધ્યમાં કંપનીએ પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટ્રાન્સપોર્ટ મૅનેજમેન્ટ ઍન્ડ રિસર્ચની શરૂઆત કરી. ટ્રાન્સપોર્ટ ઈન્ડસ્ટ્રીમાં જે વ્યક્તિને પોતાની કારકિર્દી બનાવવાનો રસ હોય તેમને માટે અહીં વિવિધ કોર્સ ચાલે છે. આ સંસ્થા સામાજિક જવાબદારીરૂપે અને કોઈપણ નફા વગર ચલાવવામાં આવે છે. આ ઉપરાંત, આ સંસ્થામાં પરિસંવાદ અને ચર્ચાઓ યોજી વિશેષજ્ઞો દ્વારા ટ્રાન્સપોર્ટ ઈન્ડસ્ટ્રીની તકલીફો વિશે માહિતી આપવામાં આવે છે.

'૭૦ના અરસામાં જ અસગર પટેલે એક્સપોર્ટ બિઝનેસમાં ઝંપલાવ્યું અને પટેલ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા તેમણે દરિયાઈ ખાદ્ય પદાર્થોની વિદેશોમાં નિકાસ શરૂ કરી. ખાદ્ય પદાર્થો ઉપરાંત, ચામડાંની વસ્તુઓ, ફેશનેબલ કપડાં અને એન્જિનિયરિંગ વસ્તુઓની પણ તેઓ મોટા પ્રમાણમાં નિકાસ કરે છે.

**૧૯૫૯માં તેમણે, માત્ર એક ટ્રક વડે પોતાના ટ્રાન્સપોર્ટના ધંધાની શરૂઆત કરી જેના પ્રથમ ઘરાક ગ્લેક્સો લેબોરેટરીઝ હતી. પણ એ એટલું સહેલું નહોતું. છતાં, મુંબઈથી દિલ્હી માલ પહોંચાડનાર ૨૦ વર્ષના અસગર પટેલ જેઓ પોતે જ ડ્રાઈવર હતાં અને પોતે જ ડિલિવરી બોય હતાં તેનાથી બધા ખૂબ પ્રભાવિત થયા**

એ પછી '૭૦ના દાયકાના અંતમાં તેમણે પોતાની જ કોર્પોરેટ ઓફિસના બાંધકામથી શરૂઆત કરીને બાંધકામના ક્ષેત્રે નતાશા કન્સ્ટ્રક્શન પ્રાઈવેટ અને વોલસ્ટ્રીટ કન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ દ્વારા પદાર્પણ કર્યું. આજે આ બંનેએ મુંબઈ-પૂના અને બેંગ્લોરમાં ઘણે સ્થળે મોટા મોટા પ્રૉજેક્ટો પૂરા કર્યા છે. ગોવામાં તેમના ઘણાં પ્રૉજેક્ટો ચાલુ છે જે ખાસ વિદેશમાં વસતા ભારતીયો (એનઆરઆઈ) માટે બનાવાયા છે. અત્યારે આ કંપની ૧૦ લાખ ચોરસફૂટથી પણ વધુ ક્ષેત્રનું બાંધકામ કરી રહી છે અને આ ક્ષેત્રમાં તેને એલઆઈસી અને એચડીએફસીનું પીઠબળ મળ્યું છે.

૧૯૮૦ની શરૂઆતમા પટેલ કંપનીએ ફોરેન એક્સચેન્જમાં પ્રવેશ કર્યો તે સમયે મધ્ય-પૂર્વીય દેશોમાં ચલણ મેળવવામાં ખૂબ મુશ્કેલી નડતી. દુબઈમાં એક્સચેન્જ સેન્ટરની શાખા ખોલીને તેમણે ફોરેન એક્સચેન્જની શરૂઆત કરી. આ શાખાનું નામ હતું, વોલ સ્ટ્રીટ એક્સચેન્જ સેન્ટર. તે પછી તેમણે હોંગકોંગ, સિંગાપોર, સિડની, લંડન આ બધે સ્થળે ફોરેન એક્સચેન્જની શાખાઓની હારમાળા શરૂ કરી. આ સેન્ટરોમાં વિદેશી ચલણ, ટ્રાવેલિંગ ચેક વગેરેની વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ છે. આ બધી વિવિધ શાખાઓની દેખરેખ એનઆરઆઈ ડાયરેક્ટર તરીકે અસગર પટેલના મોટા પુત્ર, રિયાઝ પટેલ સંભાળી રહ્યા છે. આ જ બિઝનેસની કડીરૂપે ૧૯૯૨માં રિયાઝ પટેલે કુક આયલેન્ડ (ન્યૂઝીલેન્ડ)માં બેંકની સ્થાપના કરી, જેની સંપૂર્ણપણે કૉમ્પ્યુટર પધ્ધતિ દુનિયાના બીજા શહેરોનાં વોલ સ્ટ્રીટ એક્સચેન્જ સેન્ટર સાથે જોડાયેલી છે અને વિદેશમાં પોતાની આર્થિક સેવાઓ પૂરી પાડી રહી છે.

વિદેશમાં મળેલી સફળતાથી પ્રેરાઈને ૧૯૮૬માં પટેલ ગ્રુપે વોલસ્ટ્રીટ ફાઈનાન્સ લિમિટેડને ભારતમાં પ્રમોટેડ કર્યું. ફાઈનાન્સ, હાયર પરચેઝ, લીઝિંગ, ફિક્સ્ડ ડિપોઝિટ વગેરેની શરૂઆત આ કંપની દ્વારા કરવામાં આવી. રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ બે વર્ષ પહેલાં વોલસ્ટ્રીટને ફૉરેન એક્સચેન્જ સેન્ટર ખોલવાની પરવાનગી આપ્યા પછી તેમણે મુંબઈ, દિલ્હી અને



## પટેલ ઈન્ટરનેશનલ

ગયા વર્ષે રૂા. ૧૦ કરોડથી પણ વધુ નિકાસને આંબી જનાર પટેલ ઈન્ટરનેશનલ '૯૩ના અંત સુધીમાં "ટ્રેડિંગ હાઉસ"નું બિરુદ પામે તો નવાઈ નહીં.

## વૉલ સ્ટ્રીટ એક્સચેન્જ સેન્ટર્સ

દુબઈ, સિંગાપોર, હોંગકોંગ, લંડન, સિડની અને ભારતમાં સેન્ટરો ધરાવતી આ કંપની વિદેશી ચલણ, ટ્રાવેલર્સ ચેક, હવાલા, સોના, ચાંદી વગેરેમાં વિશેશરી એવું એક આંતરરાષ્ટ્રિય કાર્યક્ષેત્ર છે.

